ઍડિલેઇડ ડે/નાઇટ ટેસ્ટ વિવાદ

# માર્ક વૉએ કહ્યું કે ભારત સ્વાર્થી છેઃ જોકે, ભારતીય ખેલાડીઓ પિન્ક બૉલથી જરાય સંતુષ્ટ નથી





*નવી દિલ્હી/મેલબર્નઃ* ભારતીય ક્રિકેટરો આગામી સપ્ટેમ્બરમાં ઇંગ્લૅન્ડનો પ્રવાસ પૂરો કર્યા બાદ નવેમ્બરમાં ઑસ્ટ્રેલિયાની લાંબી ટૂર પર જશે અને ત્યારે ૬ ડિસેમ્બરથી ઍડિલેઇડમાં જે પ્રથમ ટેસ્ટ-મૅચ રમાશે એ ડે/નાઇટ ટેસ્ટ તરીકે રમવાનો ઑસ્ટ્રેલિયાનો આગ્રહ રહ્યો છે, પરંતુ ભારતે સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું છે કે અમારી ટીમ ડે/નાઇટ ટેસ્ટ નહીં, પણ ડે ટેસ્ટ જ રમવાનું પસંદ કરશે.

આ વિષયમાં ઑસ્ટ્રેલિયન ક્રિકેટ બૉર્ડે તાજેતરમાં ભારતના અભિગમને સમર્થન આપીને ડે ટેસ્ટ જ રાખવાની વાત કરી હતી, પણ ઑસ્ટ્રેલિયાના અમુક ભૂતપૂર્વ ખેલાડીઓ ભારતને ડે/નાઇટ ટેસ્ટ જ રમવાનું દબાણ કરે છે અને એ સાથે ભારતની ટીકા પણ કરી રહ્યા છે.

બુધવારની જ વાત કરીએ. ભૂતપૂર્વ બૅટ્સમૅન માર્ક વૉએ કહ્યું હતું કે 'ભારતે ડિસેમ્બરમાં ઍડિલેઇડમાં ડે/નાઇટ ટેસ્ટ રમવાની ના પાડીને પોતાનું સ્વાર્થીપણું છતું કર્યું છે.' ઇયાન ચૅપલે કહ્યું છે કે ભારતે ડે/નાઇટ ટેસ્ટ રમવાની ના પાડીને બધાને નારાજ કર્યા છે.

''ભારતની દ્રષ્ટિએ આ થોડી સ્વાર્થી વાત છે કારણ કે આપણે ટેસ્ટ ક્રિકેટને ફરી સજીવન કરવાનું રહે છે,'' એમ વૉએ અહીં સ્થાનિક રેડિયોને આપેલી મુલાકાતમાં કહ્યું હતું.

વૉએ કહ્યું હતું કે દિવસ-રાત્રિ રમત ટેસ્ટ ક્રિકેટમાં પરિવર્તન લાવી શકે છે કારણ કે ફક્ત ઑસ્ટ્રેલિયા, ભારત અને ઈંગ્લૅન્ડમાં ટેસ્ટ ક્રિકેટ હજી 'જીવીત' છે, જે ચિંતાનો વિષય બને છે.

જોકે, ભારતના કેટલાક ક્રિકેટરો ડે/નાઇટ ટેસ્ટમાં વપરાતા પિન્ક બૉલથી સંતુષ્ટ નથી અને તેમના મંતવ્યોને આધારે ભારતીય બોર્ડ હમણાં ડે/નાઇટ મૅચ રમવા તૈયાર નથી થતું.

દિનેશ કાર્તિક કહે છે, 'ડે/નાઇટ મૅચોમાં ભેજને લીધે ખેલાડીઓ પહેલેથી જ પરેશાન છે અને એમાં એવા ભેજના વાતાવરણમાં પિન્ક બૉલને પારખીને એને ઝીલવો બહુ મુશ્કેલ કામ બની જાય છે. દિવસના તો કંઈ વાંધો ન આવે, પણ ફ્લડલાઇટ્સ હેઠળ આ બૉલ વધુ કઠણ બની જતાં એને ઝીલું ત્યારે ગ્લવ્ઝ હોવા છતાં હથેળીને ઝાટકો લાગે છે.'

ઇન્ડિયા 'બ્લુ' ટીમનો કોચ આશિષ કપૂર તો કહે છે કે 'મારી દૃષ્ટિએ ભીનો પિન્ક બૉલ હાથમાં રાખેલા ભીના સાબુ બરાબર છે.'

ભારતીય ખેલાડીઓ એમ પણ કહે છે કે નવા પિન્ક બૉલથી કંઈ નવા રેડ બૉલ જેટલો ફાયદો નથી થતો. પછીથી એ જ પિન્ક બૉલથી રિવર્સ સ્વિંગ પણ બહુ થતા નથી હોતા.

ચાઇનામૅન બોલર કુલદીપ યાદવ કહે છે કે 'રેડ બૉલ જેટલા સ્પિન પિન્ક બૉલમાં થતા જ નથી હોતા.'

ચેતેશ્વર પુજારાની જેમ ગૌતમ ગંભીર પણ કહે છે, 'પિન્ક બૉલ દિવસની રમત દરમિયાન અને પછી લાઇટ્સ હેઠળ જુદી જ અસર બતાડે છે.' પુજારા તો ત્યાં સુધી કહે છે કે 'પિન્ક બૉલની સીમ (દોરાથી કરાયેલી સિલાઈ) જોવામાં મુશ્કેલી પડે છે. એ સ્થિતિમાં સ્પિનરોના વૅરિએશન (ખાસ કરીને ગુગલી) પારખવામાં તકલીફ થાય છે.'

ઑસ્ટ્રેલિયા ઍડિલેઇડમાં પિન્ક બૉલથી ત્રણ ટેસ્ટ રમી ચૂક્યું છે એટલે એના ખેલાડીઓને ભારત સામે પિન્ક બૉલથી ડે/નાઇટ ટેસ્ટ રમવામાં વાંધો ન આવે એટલે જ તેઓ એવી ટેસ્ટ રમવાની જીદ કરી રહ્યા છે. અહીં ઉલ્લેખનીય છે કે ૨૦૧૬ની સાલમાં સાઉથ આફ્રિકાના ખેલાડીઓએ પણ ડે/નાઇટ ટેસ્ટ ન રમવાની ઇચ્છા બતાવી હતી, પરંતુ તેમણે ઑસ્ટ્રેલિયન બોર્ડના પ્રેશર સામે ઝૂકી જવું પડ્યું હતું. જોકે, ભારતીય બોર્ડનું એવું માનવું છે કે સ્ટીવ સ્મિથ અને ડેવિડ વૉર્નર એક વર્ષના પ્રતિબંધને કારણે ભારત સામે ન રમવાના હોવાથી ઑસ્ટ્રેલિયન ટીમની બૅટિંગ નબળી પડી હશે અને એ સ્થિતિમાં કાંગારુંઓની ધરતી પર ક્યારેય ટેસ્ટ-શ્રેણી ન જીતવાની પરંપરા તોડવાનો ટીમ ઇન્ડિયાને મોકો મળશે. ■

# બીસીસીઆઇને કોર્ટના સલાહકારનો 'કરંટ': લોઢા સમિતિની મોટા ભાગની ભલામણોને વળગી રહ્યા

*નવી દિલ્હીઃ* બોર્ડ ઑફ કન્ટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ)ના વરિષ્ઠ અધિકારીઓને સંભવતઃ ફટકો પડ્યો છે એવું કહી શકાય એવો અભિગમ સુપ્રીમ કોર્ટ દ્વારા નિયુક્ત ઍમીકસ ક્યૂરી (અદાલતના સલાહકાર) ગોપાલ સુબ્રમણ્યમે અપનાવ્યો છે. જસ્ટિસ આર. એમ. લોઢા દ્વારા ક્રિકેટ બોર્ડના બંધારણ સંબંધમાં જે ભલામણો કરી છે એમાંની મોટા ભાગની ભલામણોમાં કંઈ પણ સુધારાવધારા કરવાનો મત સુબ્રમણ્યમે વ્યક્ત નથી કર્યો. ઍમીકસ ક્યૂરીએ માત્ર એટલું જ સૂચવ્યું છે કે ત્રણ મેમ્બરોની સિલેક્શન કમિટીને બદલે અગાઉની માફક પાંચ સભ્યોની સિલેક્શન કમિટી જ હોવી જોઈએ.

સુબ્રમણ્યમે એ સિવાય બાકીની પાંચેય વિવાદાસ્પદ ભલામણોને હાથ નથી અડાડ્યો. એ પાંચ ભલામણો આ મુજબ છેઃ (૧) એક રાજ્ય એક મત (૨) કુલ ૧૮ વર્ષની મુદત (૩) દરેક ત્રણ વર્ષ પછી કૂલિંગ-ઑફ સમયગાળો (૪) હોદ્દા માટે ૭૦ વર્ષની વયની ટોચમર્યાદા (૫) હોદ્દેદારો અને પગારદાર કર્મચારીઓ (સેક્રેટરી તથા સીઇઓ) વચ્ચે ડ્યૂટીની વહેંચણી થવી જોઈએ.

'એક રાજ્ય એક મત'ના વિષયમાં ક્યૂરીએ સૂચવ્યું છે કે રેલવેને ક્રિકેટ બોર્ડની ચૂંટણીમાં મત આપવાનો અધિકાર મળવો જોઈએ, પણ મત આપનાર રેલવેનો અધિકારી નહીં, પણ ભૂતપૂર્વ ક્રિકેટર હોવો જોઈએ.

જોકે, ક્રિકેટ ક્લબ ઑફ ઇન્ડિયા (સીસીઆઇ), સર્વિસીઝ, યુનિવર્સિટી અને નેશનલ ક્રિકેટ ક્લબ (એનસીસી)ને તેમનો મતાધિકાર પાછો નહીં મળે. ■

# ઈશાન કિશન પાસે ક્રિકેટનો સારો કસબ છેઃ તરે

*મુંબઈઃ* મુંબઈ ઈન્ડિયન્સ (એમ. આઈ.) ટીમના રિઝર્વ વિકેટકીપર આદિત્ય તરેએ ઝારખંડના યુવાન વિકેટકીપર ઈશાન કિશનના વખાણ કરતા કહ્યું હતું કે તેની પાસે ક્રિકેટની રમતનો સારો કસબ છે અને આ કારણે જ આઈ. પી. એલ. (ઈન્ડિયન પ્રીમિયર લીગ)ની ડિફેન્ડિંગ ચૅમ્પિયન ટીમે તેની પસંદગી કરી હતી.

''તે ૧૯-૨૦ વર્ષનો છે અને તેની પાસે ક્રિકેટનો સારો કસબ રહેલો છે અને આ કારણે જ મુંબઈ ઈન્ડિયન્સની ટીમે તેની પસંદગી કરી હતી,'' એમ મુંબઈની રણજી ટ્રોફી ટીમના કેપ્ટન તરેએ અહીં કહ્યું હતું. તરેએ કહ્યું હતું કે કિશનની કારકિર્દીની આ શરૂઆત છે અને તેને મુંબઈ ઈન્ડિયન્સની ટીમ વતી રમવાનો સારો મોકો મળ્યો છે. (પી.ટી.આઈ.)■



આદિત્ય તરે

# મુંબઈ ઈન્ટર-કલબ સ્કવૉશમાં જિન્દાલ એકૅડેમી વિજયી

*મુંબઈઃ* જિન્દાલ સ્કવૉશ એકૅડેમીએ જુહુ વિલે પાર્લે જિમખાના કલબને ૩-૨થી ફાઈનલમાં હરાવી મુંબઈ ઈન્ટર-કલબ સ્કવૉશ લીગ-૨૦૧૮નું વિજેતાપદ જીત્યું હતું. જિન્દાલ એકૅડેમીએ ૧-૨થી પાછળ રહ્યા બાદ, સિંગલ્સની બંને મેચ તથા ફાઈનલ ડબલ્સનું રબર જીતી છેવટે વિજય મેળવ્યો હતો. ■

કુલદીપ અને રસેલે કોલકતાને પ્લે-ઑફની લગોલગ પહોંચાડ્યું

# વૉર્નની હાજરીથી કુલદીપને કારકિર્દીનો સર્વશ્રેષ્ઠ દેખાવ કરવાની પ્રેરણા મળી



*કોલકાતાઃ* ચાઈનામેન ગોલંદાજી કરતા યુવાન બૉલર કુલદીપ યાદવે કહ્યું હતું કે તેના માનીતા તરીકે રહેતા મહાન ખેલાડી શેન વૉર્નની રાજસ્થાન રોયલ્સની ટીમમાં હાજરીના કારણે આઈ. પી. એલ. સ્પર્ધામાં તેણે પોતાની કારકિર્દીનો શ્રેષ્ઠ દેખાવ કરવાની પ્રેરણા મળી હતી.

ગયા મંગળવાર સુધી કુલદીપ વર્તમાન સ્પર્ધામાં પોતાની ૧૨ મેચમાં કુલ ફક્ત નવ વિકેટ ઝડપવાનો સાધારણ દેખાવ ધરાવતો હતો, પણ પોતે કરેલી કબૂલાતમાં કુલદીપે કહ્યું હતું કે રાજસ્થાનની ટીમના માર્ગદર્શક તરીકે રહેતા ઑસ્ટ્રેલિયાના મહાન સ્પિનર વૉર્નની હાજરીમાં પોતે સારો દેખાવ કરવા મક્કમ હતો. ''હું (શેન) વૉર્નનો મોટો ચાહક છું અને તે મારો માનીતો ખેલાડી છે તથા તેની સામે રમવામાં મને પ્રેરણા મળતી હોય છે,'' એમ કુલદીપે મેચ બાદ પત્રકારોને સંબોધતા કહ્યું હતું જેણે ૨૦ રનમાં ચાર વિકેટ લઈ કોલકાતા નાઈટ રાઈડર્સને રાજસ્થાનની ટીમ સામે છ વિકેટથી વિજય મેળવી આપ્યો હતો. કુલદીપે હરીફ ટીમની ઉપલા ક્રમની બૅટિંગમાં ભંગાણ પાડતા તેની બધી ચારે ઓવરમાં એક-એક વિકેટ ઝડપી રાજસ્થાનની ટીમનો દાવ ૧૯ ઓવરમાં ૧૪૨ રનમાં સમાપ્ત કરાવી દીધો હતો.

રાજસ્થાનની ટીમને ૧૯ ઓવરમાં ૧૪૨ રનમાં આઉટ કરાવવામાં કુલદીપની ચાર વિકેટ ઉપરાંત આન્દ્રે રસેલ (૧૩ રનમાં બે વિકેટ), પ્રસીધ ક્રિષ્ના (૩૫ રનમાં બે વિકેટ), સુનીલ નારાયણ (૨૯ રનમાં એક વિકેટ) અને શિવમ માવી (૪૪ રનમાં એક વિકેટ)ના પણ નાનાં-મોટાં યોગદાનો હતા. કોલકતાએ ૧૮ ઓવરમાં ચાર વિકેટના ભોગે ૧૪૫ રન બનાવીને મૅચ જીતી લીધી હતી અને એ સાથે કોલકતા પ્લે-ઑફની વધુ નજીક પહોંચી ગયું હતું.

કુલદીપે કહ્યું હતું કે વૉર્ને તેણે ઈંગ્લેન્ડ સામેની આગામી ટેસ્ટ સિરીઝ માટે પણ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. (પી.ટી.આઈ.)■

# કોહલી વિશે મોઈન અલીએ કહ્યું, 'કાઉન્ટીમાં ખરો દિગ્ગજ આવી રહ્યો છે'





*નવી દિલ્હીઃ* આવતા મહિને વિરાટ કોહલી સરે વતી રમવા કાઉન્ટી ક્રિકેટમાં આવશે ત્યારે સરે કલબની ટીમના ડ્રેસિંગ-રૂમમાં પોતાને જે બહુ મોટા માનતા હશે એવા ખેલાડીઓની બધી ધારણા ધૂળધાણી થઈ જશે.

આવું મંતવ્ય આઇપીએલમાં રૉયલ ચૅલેન્જર્સ બૅન્ગલોર વતી વિરાટના સુકાનમાં રમતા ઇંગ્લૅન્ડના સ્પિનર મોઇન અલીએ વ્યક્ત કર્યું છે. તેણે વિરાટને 'પ્રોપર બિગ ડૉગ' તરીકે ઓળખાવ્યો છે.

અંગ્રેજીમાં 'બિગ ડૉગ'નો ખૂબ લોકપ્રિય, ખૂબ નામાંકિત, ખૂબ શક્તિશાળી, ખૂબ મહત્ત્વપૂર્ણ અને શાંત મગજની વ્યક્તિ એવા અર્થ થાય છે. વિરાટ મગજનો શાંત તો નથી, પરંતુ બાકીની તમામ ઓળખ તેના માટે બંધ બેસે છે. મોઇન અલીના મતે વિરાટ એવો દિગ્ગજ ખેલાડી છે કે તેની સામે પ્રતિભાની દૃષ્ટિએ સરે ટીમના બીજા બધા ખેલાડીઓ નીચા લાગે.

સરેની ટીમના અમુક આંતરરાષ્ટ્રીય ખેલાડીઓમાં મૉર્ને મૉર્કલ, મિચલ માર્શ, ઍરોન ફિન્ચ, ટૉમ કરન, ડીન એલ્ગરનો સમાવેશ છે.

મોઇને વિરાટ વિશે કહ્યું છે કે 'સરેના અમુક પ્લેયરો પોતાને જેટલા મોટા માને છે અને લોકો પણ તેમને જેવા માને છે એટલા મોટા તેઓ નથી. વિરાટ આવશે ત્યારે તેમને પોતાની તેની સામેની પ્રતિભાનું ખરું ભાન થઈ જશે. લોકોમાં માન્યતા છે કે મેદાન પર વિરાટ બહુ ઘમંડી અને ઉદ્ધત હોય છે. જોકે, હકીકતમાં એનાથી સાવ ઊલ્ટું છે. તે ખૂબ વિવેકી છે. ભારતમાં તેનું બહુ મોટું નામ છે, પણ મને તો તે ફોન કરીને પૂછી લેતો હોય છે કે આર યુ ઓકે? તને જમવાનું ભાવ્યું? ઘણી વાર કોઈ પ્લેયરને પોતાને ત્યાં જમવા આવવાનું આમંત્રણ આપીએ તો તે આસાનીથી ના કહી દેતો હોય છે, પરંતુ વિરાટ હંમેશાં આમંત્રણ સ્વીકારી લેતો હોય છે. વિરાટના સ્વભાવ વિશે અમુક લોકોમાં જે માન્યતા છે એ ખોટી છે.' ■

# ભારતની મહિલા ટીમનો ચીન સામે વિજય, એશિયન ચૅમ્પિયન્સ ટ્રોફીમાં હજી અજેય



ભારત વતી ત્રણમાંથી બે ગોલ વંદનાએ કર્યા હતા

*ડોન્ગહે સિટી (દક્ષિણ કોરિયા):* પાંચમી એશિયન ચૅમ્પિયન્સ ટ્રોફી (એ. સી. ટી.) સ્પર્ધામાં પોતાનો સારો દેખાવ કરવાનું ચાલુ રાખતા ભારતની મહિલા હોકી ટીમે તેનાથી ઉચ્ચ ક્રમાંકની ચીની ટીમને ૩-૧થી પરાજિત કરી પોતાની સતત બીજી સફળતા અહીં બુધવારે નોંધાવી હતી. ચીન વતી એકમાત્ર ગોલ વેન-ડેએ ૧૫મી મિનિટમાં કર્યો હતો.

અનુભવી ફોરવર્ડ ખેલાડી વંદના કટારિયા (૪થી અને ૧૧મી મિનિટ)એ ભારતના બે ગોલ કર્યા હતા અને ગુરજિત કૌરે પેનલ્ટી કોર્નર મારફતે ત્રીજો ગોલ ૫૧મી મિનિટમાં નોંધાવી ભારતને આઠમા ક્રમની ચીનની ટીમ સામે વિજય અપાવ્યો હતો.

આ વિજયના બળે ભારતીય ટીમે બે મેચમાંથી બે સફળતા સાથે પોઈન્ટ-કોષ્ટકમાં મોખરાનું સ્થાન લીધું છે.

વિશ્વ હોકીમાં ૧૦મો ક્રમાંક ધરાવતી ભારતીય ટીમ હવે મલયેશિયા સામે ગુરુવારે રમશે.

મલયેશિયાની ટીમે અન્ય મેચમાં જાપાનને ૩-૨થી હરાવ્યું હતું.

ભારતે આ અગાઉ સ્પર્ધાની આરંભિક મેચમાં જાપાનને ૪-૧થી પરાજય આપ્યો હતો. (પી.ટી.આઈ.)■

# આજથી તુળપુળે કપ ક્રિકેટ

*મુંબઈઃ* વિજય તુળપુળે કપ ક્રિકેટ સ્પર્ધાનું દાદર યુનિયન કલબ દ્વારા ૧૭મી મેથી માહુલ મધ્યેના દિલીપ વેંગ્સરકર ક્રિકેટ એકૅડેમીના મેદાન પર આયોજન કરવામાં આવનાર છે.

સ્પર્ધામાં ૧૨ ટીમ ભાગ લેશે જેની ફાઈનલ મેચ ૨૩મી મેએ રમાનાર છે.

વિજય તુળપુળે બોમ્બે હાઈ કોર્ટમાં ટોચના સિનિયર સલાહકાર હતા અને તેઓ દાદર યુનિયન કલબ તથા માટુંગા જિમખાના વતી લગભગ બે દશકા સુધી રમ્યા હતા.

# શિવાજી પાર્ક જિમ. ખાતે ૨૭મી મેથી ખાનોલ્કર મેમોરિયલ ટેનિસ

*મુંબઈઃ* શિવાજી પાર્ક જિમખાના (એ. પી. જી.) દ્વારા પી. એસ. 'દાદા' ખાનોલ્કર મેમોરિયલ ટેનિસ સ્પર્ધાનું ફક્ત ટેનિસ માર્કરો તથા મદદનીશ કોચ માટે ૨૭મી મેએ પોતાના ટેનિસ કોર્ટ પર આયોજન કરવામાં આવશે. સ્પર્ધામાં ફક્ત એક ડબલ્સ હરીફાઈ યોજાનાર છે, જેમાં રોકડ ઈનામ અને ટ્રોફીઓ ભેટ કરાશે. વધુ વિગત માટે જિમખાનાના કાર્યાલયે અથવા સંજય પટેલનો મોઃ ૯૮૨૦૨૪૧૩૫૧ ઉપર ૧૯મી મે સુધીમાં સંપર્ક સાધવાનું આયોજકોની યાદીમાં જણાવવામાં આવ્યું છે. ■

# પોર્ટરફીલ્ડને સફળ ટેસ્ટપ્રવેશ બદલ ગર્વ

*ડબ્લિનઃ* આયર્લૅન્ડના કેપ્ટન વિલિયમ પોર્ટરફિલ્ડને પાકિસ્તાન સામે રાષ્ટ્રની પહેલી ટેસ્ટ મેચમાં પાંચ વિકેટથી થયેલા રસાકસીભર્યા પરાજય બાદ કોઈ શંકા નથી કે તેની ટીમની ટેસ્ટ ક્રિકેટ રમવા કરાયેલી બઢતી યોગ્ય ઠરે છે. કેવિન ઓબ્રાયનની સદી બાદ પાકિસ્તાને ૧૬૦નો સાધારણ લક્ષ્યાંક મહામહેનતે મેળવ્યો હતો. ■

### આઈપીએલમાં કઈ ટીમ કેટલા પાણીમાં?

| ટીમ | મૅચ | જીત | હાર | રનરેટ | પૉઇન્ટ |
|---|---|---|---|---|---|
| હૈદરાબાદ | ૧૨ | ૯ | ૩ | +૦.૪૦૦ | ૧૮ |
| ચેન્નઈ | ૧૨ | ૮ | ૪ | +૦.૩૮૩ | ૧૬ |
| કોલકતા | ૧૩ | ૭ | ૬ | -૦.૦૯૧ | ૧૪ |
| રાજસ્થાન | ૧૩ | ૬ | ૭ | -૦.૪૦૩ | ૧૨ |
| પંજાબ | ૧૨ | ૬ | ૬ | -૦.૫૧૮ | ૧૨ |
| મુંબઈ | ૧૨ | ૫ | ૭ | +૦.૪૦૫ | ૧૦ |
| બૅન્ગલોર | ૧૨ | ૫ | ૭ | +૦.૨૧૮ | ૮ |
| દિલ્હી | ૧૨ | ૩ | ૯ | -૦.૪૭૮ | ૬ |

નોંધઃ તમામ આંકડા ગઈ કાલની મુંબઈ-પંજાબ મૅચ પહેલાંના છે.

# માનેના ગોલથી બિપીન કોલાબા વિજયી





તાજેતરમાં પોઈસર જિમખાના ખાતેની ફાઈનલ બાદ ચૅમ્પિયન બિપીન કોલાબા ટીમના મેમ્બરોએ સંસદસભ્ય ગોપાલ શેટ્ટીના હસ્તે ટ્રોફી સ્વીકારી હતી અને એ પ્રસંગે નગરસેવિકા પ્રિયંકા મોરે, બિપીન ફૂટબૉલ ઍકેડેમીના પ્રમુખ સતીષ ઉચિલ અને ઍકેડેમીનાં ટ્રસ્ટી ઍડ્વોકેટ મંજૂલા રાવ પણ ઉપસ્થિત હતાં.

*મુંબઈઃ* બિપીન કોલાબાના આયુશ માનેના બિપીન કલ્યાણ સામેની ફાઈનલ મેચમાં એકમાત્ર ગોલના ભવ્ય દેખાવથી તેની ટીમે બિપીન ફૂટબોલ એકૅડેમી (બી. એફ. એ.)ના ૩૦ વર્ષની ઉજવણીમાં યોજાયેલ ફૂટબોલ સ્પર્ધાની ટ્રોફી રવિવારે પોઈસર જિમખાના ખાતે જીતી હતી.

સ્પર્ધામાં શ્રેષ્ઠ ખેલાડીનો એવૉર્ડ જીતેલ માનેએ આ નોક-આઉટ સ્પર્ધામાં પોતે રમેલી બધી મેચમાં સ્કોર કર્યો હતો.

સેમી-ફાઈનલ મેચોમાં બિપીન કોલાબાની ટીમે બિપીન બી. એમ. સી.ની ટીમને ૧-૦થી પરાજય આપ્યો હતો તથા બિપીન કલ્યાણ અને બિપીન ઉલ્હાસનગર વચ્ચેની મેચ ૦-૦થી સમાન રહ્યા બાદ, બિપીન કલ્યાણની ટીમે ટાઈ-બ્રેકર મારફતે ૫-૪થી વિજય નોંધાવ્યો હતો.

ભૂતપૂર્વ જુનિયર આંતરરાષ્ટ્રીય ખેલાડી અને બિપીન શિબિરના માજી સભ્ય ખાલિદ સીદ્દિકીના હાથે સવારે સ્પર્ધાની ઉદ્ઘાટનવિધિ કરવામાં આવી હતી અને સંસદસભ્ય ગોપાળ શેટ્ટીએ મુખ્ય મહેમાન તરીકે હાજરી આપી ઈનામોની વહેંચણી કરી હતી.

અન્ય દરેક ટીમના જાહેર કરાયેલ શ્રેષ્ઠ ખેલાડી હતાઃ

કુમાર રાઠોડ (બી. એમ. સી.).
રિતીક સરફરે (અંધેરી).
અફાન સૈયદ (ઉલ્હાસનગર).
શ્રેલોક પબાલે (કલ્યાણ).
સતેન્દ્ર યાદવ (કાંદિવલી).
ગોવિંદ રાઠોડ (ચર્ચગેટ).
આર્યન રાજ (વિરાર). ■

# સાઉદીએ લાંચ માગવા માટે વર્લ્ડ કપના પોતાના રેફરીને સસ્પેન્ડ કર્યો

*રિયાધઃ* સાઉદી ફૂટબોલ ફેડરેશન (એસ. એફ. એફ.)એ રેફરી ફહાડ અલ-મિરદાસી ઉપર લાંચ લેવા માટે આજીવન પ્રતિબંધ મૂક્યો છે અને ફિફાને તેનું નામ આગામી વર્લ્ડ કપના રેફરીઓની યાદીમાંથી કાઢી નાખવાની અરજ કરી છે. ફિફા ફૂટબોલ વર્લ્ડ કપનું રશિયામાં આવતા મહિને આયોજન થનાર છે. ૩૨ વર્ષના ફહાડ સાઉદી અરેબિયાના સૌથી અગ્રણી રેફરીઓમાંના એક છે જેઓએ ૨૦૧૧માં ફિફાની માન્યતા મેળવી હતી તથા ૨૦૧૬માં રિયો જાનેરો મધ્યેના ઑલિમ્પિક રમતોત્સવમાં તથા ૨૦૧૭માં રશિયામાં યોજાયેલ કોન્ફેડરેશન્સ કપમાં કામગીરી બજાવી હતી.

ફહાડની ગયા શનિવારે રમાયેલ સાઉદી અરેબિયાની કિંગ્સ કપ સ્પર્ધાની ફાઈનલ મેચમાં ફરજ બજાવવા માટે નિમણૂક કરાઈ હતી, પણ તેના થોડા જ કલાક પહેલા તેમને ખસેડી લેવામાં આવ્યા હતા. એક નિવેદનમાં શિસ્ત અને નીતિશાસ્ત્રની સમિતિએ જણાવ્યું હતું કે ફહાડે અલ-ઈટિહાડ કલબના પ્રમુખનો સંપર્ક સાધી ટીમને જીતાડી આપવા મદદ કરવા માટે લાંચની વ્હોટસએપ સંદેશા મારફતે માગણી કરી હતી.

કલબના પ્રમુખ હમદ અલ-સમાયેહે સાઉદી અરેબિયા ફેડરેશનને આ બાબતમાં ફરિયાદ કરતા ફહાડ વિરુદ્ધ તપાસ કર્યા બાદ તેમની વિરુદ્ધમાં પગલાં ભર્યાં હતાં.

નિવેદનમાં જણાવવામાં આવ્યા પ્રમાણે ફહાડે તેમની સામેના આરોપને સ્વીકારી લીધો હતો અને તેમના ઉપર આજીવન પ્રતિબંધ મૂકવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ફહાડ વર્લ્ડ કપ-૨૦૧૮માં કામગીરી બજાવવા માટે ફિફા દ્વારા પસંદગી પામેલ પાંચ આરબ રેફરીમાંના એક હતા. (એ.એફ.પી.)■

# ઈટાલિયન ઓપન ટેનિસઃ સ્વિતોલિના ત્રીજા રાઉન્ડમાં, શારાપોવા સંઘર્ષપૂર્ણ મૅચ અઢી કલાકે જીતી

*રોમઃ* ડિફેન્ડિંગ ચૅમ્પિયન એલિના સ્વિતોલિનાએ અહીં ડબ્લ્યુ. ટી. એ. (વીમેન્સ ટેનિસ એસોસિયેશન)ની ઈટાલિયન ઓપન સ્પર્ધામાં સહેલાઈથી ત્રીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો હતો, જ્યારે ત્રણ વેળા વિજેતા બની ચૂકેલ મારિયા શારાપોવાએ ઑસ્ટ્રેલિયાની એશલેગ બાર્ટી સામેની મેરેથોન મેચ જીતવા ત્રણ સેટની જરૂર પડી હતી.

ચોથી ક્રમાંકિત સ્વિતોલિનાએ સ્પર્ધામાં સીધા બીજા રાઉન્ડમાં રમતા ક્રોએશિયાની ૩૫મી ક્રમાંકિત પેટ્રા માર્ટિક સામે ૬-૧, ૬-૨થી લગભગ એક કલાકની રમતમાં વિજય મેળવ્યો હતો.

યુક્રેનની ૨૩ વર્ષીય સ્વિતોલિનાએ ગયા વર્ષે કલે-કોર્ટની રમતનું પોતાનું સૌથી મોટું વિજેતાપદ જીત્યું હતું.

શારાપોવાને ૧૮મી ક્રમાંકિત બાર્ટી સામેની પહેલા રાઉન્ડની મેચમાં ૭-૫, ૩-૬, ૬-૨થી વિજય નોંધાવવા માટે અઢી કલાકનો સમય લીધો હતો. (એ.એફ.પી.)■



એલિના સ્વિતોલિના